શિયાળો પણ ડુપ્લિકેટ કે શું? ડિસેમ્બર જેવી ઠંડી જ નથી!

શહેરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સરેરાશ તાપમાન કરતા સતત વધારે

મહત્તમ તાપમાન 32.8 ડિગ્રીએ પહોંચ્યું, લઘુત્તમ 18.2 ડિગ્રી, છેલ્લા દસ દિવસથી વધઘટ ચથાવત

સુરતઃ શહેરમાં હવામાનના મિજાજમાં સતત ઉથલપાથલ જોવા મળી રહી છે. આજે સુરત શહેરમાં મહત્તમ તાપમાન 1.2 ડિગ્રી વધીને 32.8 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન 1.2 ડિગ્રી ઘટીને 18.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ માત્ર 33 ટકા રહ્યું હોવાથી બપોરના સમયે ગરમીનો અહેસાસ વધુ થયો હતો.

છેલ્લા દસ દિવસથી સુરત શહેરમાં તાપમાનમાં સતત વધઘટ નોંધાઈ રહી છે. સવારના સમયે હળવી ઠંડી અનુભવાય છે, પરંતુ બપોરે ક્યારેક ગરમી તો ક્યારેક ઠંડીનો અજીબ મિશ્ર અહેસાસ લોકો અનુભવી રહ્યા છે.

આજે ફરી મહત્તમ તાપમાનમાં વધારો થતાં શિયાળાની ઠંડી હજુ પૂરતી રીતે જામતી ન હોવાનું સ્પષ્ટ થયું છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ઠંડી વધવાની આગાહી કરવામાં આવી રહી છે, પરંતુ હાલ તેની અસર જમીન પર ખાસ દેખાઈ રહી નથી. શહેરમાં મહત્તમ તાપમાન સતત 30 ડિગ્રીની ઉપર જ રહે છે અને લઘુત્તમ તાપમાન 18 ડિગ્રીની આસપાસ જ નોંધાઈ રહ્યું છે, જે ડિસેમ્બર મહિના માટે સરેરાશ કરતાં વધુ છે.

હવામાન નિષ્ણાતોનાં જણાવ્યા મુજબ, ડિસેમ્બર મહિનાનું સરેરાશ લઘુત્તમ તાપમાન 16.5 ડિગ્રી અને સરેરાશ મહત્તમ તાપમાન 31.9 ડિગ્રી ગણાય છે. પરંતુ હાલ સુરતમાં બંને તાપમાન આ સરેરાશથી વધારે નોંધાઈ રહ્યા છે, જેના કારણે સાચી શિયાળાની ઠંડી હજુ લોકો અનુભવી શક્યા નથી.

પગાર, પીએફ, બોનસ ચૂકવવાના ફાંફાં

સુરતની સૌથી જૂની ચોર્યાસી ડેરી કાચી પડી

કર્મચારીઓનો પગાર, પીએફ. બોનસ, હક રજાનાં નાણાં જમા નહીં થતાં 110 કર્મચારીએ પીએફ. કમિશનર, કલેક્ટર, જિલ્લા રજિસ્ટ્રારને ફરિયાદ કરી

સુરતઃ સુરતની સૌથી જૂની સહકારી ધોરણે ચાલતી ચોર્યાસી ડેરી કાચી પડી છે. કામદારોનો પગાર, પીએફ, હક રજા, બોનસ, સમયસર નહીં આપવામાં આવતા સુરતના પીએફ કમિશનર, કલેકટર, જિલ્લા રજિસ્ટ્રાર અને ડેરીના જનરલ મેનેજરને 110 કર્મચારીએ લેખિત ફરિયાદ કરી 3 મહિનાનો બાકી પગાર ચૂકવવા માંગણી કરી છે. જયવદન ઠાકોરભાઈ પટેલ, મનોજ સોમાભાઈ પટેલ, કલ્પેશ છગન પટેલ, જયેશ દલપત પટેલ, હર્ષદ ચીમન પટેલ સહિત 110 કર્મચારીએ પીએફ.કમિશનર, કલેકટર, જિલ્લા રજીસ્ટ્રારને લેખિત ફરિયાદ આપી તાત્કાલિક સુનાવણી રાખવા માંગ કરી છે.

ફરિયાદમાં જણાવ્યું છે કે, અમને છેલ્લા છ માસથી સંસ્થા દ્વારા સમયસર પગાર મળતો નથી. અમુક સમયે તો બેથી ત્રણ માસ જેટલો સમય વીતી જાય પછી પગાર કરવામાં આવે છે. હાલમાં પાછલા ત્રણ માસથી પગાર કરવામાં આવ્યો નથી. જેથી કર્મચારીઓ અત્યંત હાલાકી ભોગવી રહ્યા છે.

ચોર્યાસી ડેરીના સત્તાધીશોને વારંવાર પગાર સમયસર ચુકવી આપવા માટે તેમજ પી.એફ. ની રકમ સમયસર ભરવા માટે આજીજી કરી છે, પરંતુ અમોને કોઈ જવાબ આપતા નથી. અને વધારે કહીએ તો ફરિયાદ કરીએ તો કર્મચારીઓને 'થાય તે કરી લેવાનું' તેમ જણાવે છે. વળી ડેરીના કોઈપણ કામદારને માર્ચ મહિનાથી આજ સુધી હકરજા અને બોનસ ૮.૩૩% લેખે ચુકવેલ નથી. જેની ખુબ જ ઝડપથી નોંધ લઈ, કાર્યવાહી થાય એવી માંગ કર્મચારીઓએ કરી છે.

જિલ્લા રજિસ્ટ્રાર હરેશ કાછડ ગાંધારીની ભૂમિકામાં

ચોર્યાસી ડેરી કર્મચારીઓનો પગાર, પીએફ.ની રકમ, બોનસ, હક રજાનો પગાર ચૂકવવામાં નિષ્ફળ જઈ કાચી પડી હોવા છતાં સુરતના જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હરેશ કાછડ ગાંધારીની જેમ આંખ પર પાટા બાંધીને બેઠા છે. ડેરી વિરુદ્ધ 2023થી ફરિયાદો થઈ રહી છે. છતાં કસ્ટોડિયન બેસાડવા કે ફડચામાં લઈ જવાની કોઈ કાર્યવાહી જિલ્લા રજિસ્ટ્રારે કરી નથી. એ રીતે રજિસ્ટ્રાર હરેશ કાછડે સભાસદોની શેરમૂડી અને કરોડોની સંપતિ પણ ડુંકાઈ જાય એ રીતે આંખે પાટા બાંધ્યા છે. તાજેતરમાં સુરતના જિલ્લા રજીસ્ટ્રાર કચેરીનો ઓડિટર, ઓફિસ આસિસ્ટન્ટ અને નિવૃત સુપ્રિટેન્ડેન્ટની લાંચ લેવાના ગુનામાં સુરત ACBએ ધરપકડ કરી છે. ત્યારે આ પ્રકરણમાં પણ તેઓનું મૌન શંકાસ્પદ જણાય છે. આર્થિક નુકસાનમાં ચોર્યાસી ડેરીની કરોડોની મિલકત વેચાઇ ગઇ હોવા છતાં વહીવટદાર, કસ્ટોડિયનની નિમણૂંક ન કરી ખોટની મલાઈ ખાવાની સહકાર વિભાગની દાનત છતી થઈ રહી છે.

બિનકાર્યક્ષમ 100 કર્મચારીને છૂટા કરવા રજૂઆત કરી છે : નરેશ પટેલ

ચોર્યાસી ડેરીના પ્રમુખ નરેશભાઈ પટેલ (ભેંસાણ)એ પોતાની પ્રતિક્રિયામાં પત્રકારોને જણાવ્યું હતું કે, ડેરીના 233 કર્મચારી છે. સંસ્થાની મહિને આવક 30 લાખ રૂપિયા છે, જાવક 42 લાખ રૂપિયા છે. સંસ્થા માસિક 12 લાખની ખોટ કરે છે. પીએફ અને સંસ્થાની લોનના વ્યાજની રકમનું ભારણ જુદું છે. અમે જિલ્લા રજિસ્ટ્રાર અને પીએફ.કમિશનર પાસે બિન કાર્યક્ષમ 100 કર્મચારી છૂટા કરવા સ્કીમ માંગી છે, અગાઉ અમે કર્મચારીઓ માટે VRS સ્કીમ પણ આપી હતી, પણ કોઈ તૈયાર થયું ન હતું.

સંક્ષિપ્ત સમાચાર

કામરેજમાં ભરવાડ સમાજનો ઐતિહાસિક શૈક્ષણિક સમારોહ યોજાયો

સુરતઃ કામરેજ ખાતે માલાભાઈ સારાભાઈ ભડીયાદરા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સન્માન સમારોહ અને 'હરી આશરો' પ્રોજેક્ટ અંતર્ગત ઘર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. સમારોહમાં ૩૦૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું તેમજ જરૂરિયાતમંદ ૨૧ બહેનને પોતાના ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ ભરવાડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પ્રસંગે ભડિયાદના અરજણબાપુ અને સાજણબાપુ, કમીજલાના કેહુરભગત સહિત સમાજના સાધુ-સંતો મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ સુરત જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમાર, સામર્થ્ય IAS એકેડેમીના ડાયરેક્ટર કપિલભાઈ શાહ, સમાજના પોલીસ ખાતાના અધિકારીગણ તથા મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. ૧૦,૦૦૦થી વધુ લોકોની સાક્ષીમાં યોજાયેલા આ કાર્યક્રમ ભરવાડ સમાજ માટે શિક્ષણ અને માનવસેવાનો યાદગાર પ્રસંગ બન્યો.

હેલ્થકેર ક્ષેત્રે સુરતને ગૌરવ અપાવનાર ડો. મનુ શર્માને કેન્દ્રીય મંત્રીના હસ્તે એવોર્ડ

સુરતઃ સુરત હવે માત્ર ડાયમંડ કે ટેક્સટાઈલ જ નહીં પરંતુ હેલ્થકેર ક્ષેત્રમાં પણ સમગ્ર દેશમાં પોતાનું નામ રોશન કરી રહ્યું છે. ત્યારે સુરતના જ જાણીતા જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન ડો. મનુ શર્માએ તાજેતરમાં વિશિષ્ઠ સિદ્ધિ હાંસલ કરી છે. નવેમ્બર ૨૦૨૫માં સમગ્ર ગુજરાતમાં સૌથી વધારે Knee Replacement કરનાર સર્જનની ક્લબમાં ડો. મનુ શર્માનું નામ પણ સામેલ થયું છે. જે સમગ્ર સુરત અને દક્ષિણ ગુજરાતના તબીબી જગત માટે ગૌરવની વાત છે. ૧૫૦૦૦થી વધારે સફળ સર્જરી કરનાર ડો. મનુશર્માને કેન્દ્રીય આરોગ્યમંત્રી ડો. મનસુખ માંડવીયા દ્વારા 'Emerging Knee Replacement Surgeon of Gujarat'નો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

પ.પૂ. રત્નસુંદરસૂરીશ્વરજીના ૫૦૦માં પુસ્તકનું વિમોચન PM નરેન્દ્રભાઇ મોદી કરશે



સુરત : પદ્મભૂષણ વિભૂષિત પરમ પૂજ્ય આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૫૦૦મી પુસ્તકનું વિમોચન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભ હસ્તે યોજાશે. આ ઐતિહાસિક અવસરને મુંબઈના મુલુંડ ખાતે ૭ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન 'ઊર્જા મહોત્સવ' તરીકે ઉજવવામાં આવશે. મુખ્ય અતિથિ તરીકે RSS પ્રમુખ મોહન ભાગવતજીની ઉપસ્થિતિ રહેશે પૂજ્ય ગુરુદેવનું ૫૦૦ પુસ્તકોનું વિમોચન દેશા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે. ૭૦૦ થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતો આ ઐતિહાસિક મહોત્સવમાં પધારીને આશીર્વાદ આપશે. પાલિતાણાની 500મી ધજા નિમિત્તે ૫૦ ફૂટ ઊંચી આદિનાથ દાદાની પ્રતિમા અને જય તળેટી (પાલીતાણા)ની પ્રતિકૃતિનું નિર્માણ થશે.

શ્રી મોઢ પટણી સમાજ ટ્રસ્ટના હોદ્દેદારોની નિમણૂક

રમેશચંદ્ર ડાહ્યાભાઈ મોદી મનોજકુમાર કાંતિલાલ લોટવાલા

સુરત : શ્રી મોઢ પટણી સમાજ ટ્રસ્ટ ની વાર્ષિક સાધારણ સભામાં હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં મનોજકુમાર કાંતિલાલ લોટવાલા (પ્રમુખ) રમેશભાઈ ડાહ્યાભાઈ મોદી (ઉપપ્રમુખ) રોહિતભાઈ રમેશચંદ્ર ગાંગડવાલા (મંત્રી) મુકેશભાઈ મોહનલાલ લાકડાવાલા (મંત્રી) વિજયભાઈ ચંદ્રકાંતભાઈ ચાંચડીયા (સહમંત્રી) કમલેશભાઈ બાબુભાઈ ગાંગડવાલા (ખજાનચી)તરીકે નિમણૂક થઈ હતી. જ્યારે ટ્રસ્ટી તરીકે ઈશ્વરભાઈ ગાંધી બાબુભાઈ પાનવાલા વિજયભાઈ મોદી જીતેશભાઈ ઘીવાલા જનકભાઈ ભગત નવીનભાઈ કાશીવાલા રૂપેશભાઈ જરીવાલા (કલકત્તાવાલા) શિરીષભાઈ વેલાવાલા ની નિમણૂંક થઈ હતી.

નંદુબા ઇંગ્લિશ એકેડેમીમાં ઓલ રાઉન્ડર મોમ એવોર્ડમાં માતાઓનું સન્માન કરાયું

સુરત : સુરત શહેરની નંદુબા ઇંગ્લિશ એકેડેમી દ્વારા શાળામાં ભણતા નાના ભૂલકાઓના માતાઓને પ્રોત્સાહન આપવા બદલ ઓલ રાઉન્ડર મોમ એવોર્ડ કેટેગરી અંતર્ગત સન્માનિત કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. આ એવોર્ડ સુરત પોલીસ કમિશનરની ધર્મપત્ની સંધ્યા ગેહલોતના હસ્તે આપવામાં આવ્યો હતો. નંદુબા ઇંગ્લિશ એકેડેમીના પ્રિન્સીપલ ડોક્ટર મોનિકા શર્મા હાજર રહ્યા હતા અને જણાવ્યું હતું કે નર્સરી, જુનિયર અને સિનિયર કે.જી માં ભણત નાના ભૂલકાઓએ આખા વર્ષ દરમિયાન સરસ રીતે ભણતર કર્યો તેવા 25 જેટલા વિદ્યાર્થીઓના માતાઓ સન્માનિત કરી ભવિષ્ય માટે પ્રોત્સાહન કરવામાં આવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં 'યુવા કનેક્ટ' કાર્યક્રમ યોજાયો

સુરતઃ"વિકસિત ભારત-2047"ના સપનાને સાકાર કરવા યુવાનોને જોડવાના હેતુસર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે "વિકસિત ભારત એમ્બેસેડર-યુવા કનેક્ટ" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય વક્તા યૂથ આઇકન વત્સલ કાથીરિયાએ યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં 'ચેન્જ મેકર' તરીકે આગળ આવવા પ્રેરણા આપી હતી. કુલપતિએ અધ્યક્ષીય ઉદ્બોધનમાં યુવાનોને જવાબદાર નાગરિક બનવા અપીલ કરી હતી. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય વિકાસ પ્રત્યે જાગૃતિ અને નેતૃત્વભાવ વિકસિત થયો હતો.

ક્રિસમસની ઉજવણી માટે સજ્જ થઇ ગયા સુરતનાં ચર્ચ

■ દરેક તહેવારો ભાઇચારા માટે ઉજવતા સુરતના ચર્ચ ક્રિસમસની ઉજવણી માટે સજ્જ થઇ ગયા છે. ચોકબજાર અને નાનપુરાના ચર્ચ રોશનીથી ઝગમગી ઉઠ્યા છે.

(તસવીર : હેમંત ડેરે)

ટ્રેનમાં મોબાઈલ ચોરી કરતો શખ્સ નવસારીથી ઝડપાયો

સુરતઃ ટ્રેનમાં મુસાફરી કરતાં મુસાફરોની નજર ચૂકવી મોબાઈલ ફોન ચોરી કરનાર ચોરને સુરત રેલવે પોલીસે નવસારીથી ઝડપી પડ્યો હતો. પોલીસે તેની પાસેથી ચોરીનો એક મોબાઇલ ફોન જેની કિંમત રૂ. 10,000નો કબજે કર્યો હતો. ટ્રેનની અંદર છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ ફોન ચોરીના બનાવો સતત વધી રહેલા છે જેના પગલે રેલવે પોલીસ ઇન્સ્પેક્ટર જે. બી. મીઠાપરાએ તેમની ટીમને આ બનાવ ઉપર અંકુશ લાવવા માટે અને ચોરીના આરોપીને પકડવા માટે કામે લગાડ્યા હતા. દરમિયાન રેલવે પોલીસને આરોપી મનોહર રવિન્દ્ર બોરસે (રહે., સાઈ બંગ્લોઝ, વિજલપોર, જલાલપોર, નવસારી) હાલમાં તેના ઘરે હોવાની બાતમી મળી હતી. જેથી સુરત રેવલે પોલીસે તેના ઘરે રેડ કરી ચોરીના એક મોબાઈલ ફોન સાથે ઝડપી પાડ્યો હતો.

વાલકમાંઈન્ટેકવેલબનાવવાની કામગીરી અટકાવી દેવાઈ

પાલિકા હવે સિંચાઇ વિભાગની પરવાનગી લેવાની ક્વાયત હાથ ધરશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા વાલક વિસ્તારમાં તાપી નદીમાં ઈન્ટેકવેલ બનાવવાની કામગીરી શરૂ કરાતા વિવાદ ઊભો થયો છે. આ કામગીરી માટે તાપી નદીમાં રેતી-માટીનો પાળો બનાવી પાણીના કુદરતી વહેણને અવરોધવામાં આવ્યો હોવાનું સિંચાઈ વિભાગના ધ્યાને આવ્યું છે. આ કામગીરી માટે સિંચાઈ વિભાગની કોઈ પણ પ્રકારની પૂર્વ પરવાનગી લેવામાં આવી નથી. જેને લઈ તાપી પાળા પેટા વિભાગ નંબર-ઉના નાયબ કાર્યપાલક ઈજનેર પટેલ દ્વારા સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત નોટિસ પાઠવવવામાં આવી હતી અને આ કામગીરી અટકાવવામાં આવી હોવાનું જાણવામાં આવ્યું છે.

નોટિસમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, નદીના વહેણમાં અવરોધરૂપ બનેલો રેતી-માટીનો પાળો તાત્કાલિક દૂર કરવામાં આવે અને ઈન્ટેકવેલની આગળની કોઈપણ કામગીરી સિંચાઈ વિભાગની મંજૂરી મેળવ્યા બાદ જ કરવામાં આવે. સિંચાઈ વિભાગે ચેતવણી આપી છે કે જો આ સૂચનાનો ભંગ થશે અને ભવિષ્યમાં કોઈ સમસ્યા કે નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત મનપા વિભાગની રહેશે. તાપી નદી જેવા મહત્ત્વના જળસ્ત્રોતમાં મંજૂરી વગર કરવામાં આવેલા હસ્તક્ષેપથી પૂરપરિસ્થિતિ, પર્યાવરણ અને નીચાણવાળા વિસ્તારો પર અસર થવાની સંભાવના હોવાની પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. જો કે, આ નોટિસના પગલે મનપા દ્વારા જરૂરી પૂર્તતા સાથે પત્રો લખી દેવાયા હોય, 2-3 દિવસમાં મંજૂરી મળવાની શક્યતા છે.

વરિયાવ પાસે ટેમ્પોની અડફેટે બાઇક સવાર રત્નકલાકારનું મોત

સુરત; વરિયાવ પાસે ટેમ્પો ચાલકે ટક્કર મારતા બાઇક સવાર રત્નકલાકારનું મોત નીપજ્યું હતું. મળેલી વિગતો મુજબ, મૂળ બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં જીવાપરગામના વતની 27 વર્ષીય પ્રતિક નરેશભાઈ પાવશીયા, હાલ અમરોલીમાં ચારભુંજા સર્કલ પાસે શિવાંજલી સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. પ્રતિક રત્નકલાકાર તરીકે નોકરી કરતો હતો. સોમવારે સાંજે તે બાઇક પર સાયણ-હજીરા હાઇવે થઈને જહાંગીરપુરા તરફ જવા નીકળ્યો હતો. તે સમયે વરીયાવગામ પાસે ખોડીયાર માતાના મંદિર નજીક રોડ પર બાઇકને ટેમ્પોએ ટક્કર મારતા તેને ગંભીર ઇજા થતા 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો.

બાઈક સાથેના અકસ્માતમાં સુરત મનપાના ડ્રેનેજ સુપરવાઈઝરનું મોત

સુરતઃ પાલનપુર પાટિયા ખાતે મનપાના ડ્રેનેજ વિભાગના સુપરવાઈઝરનું બાઇક અકસ્માતમાં મોત થયું હતું. મોટીવેડ સિંગણપોર રોડ પર ક્રિષ્ના સ્ટ્રીટમાં ધવલ ધનસુખભાઈ કંથારિયા (34 વર્ષ) પરિવાર સાથે રહેતો હતો. ધવલ સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનના તાડવાડી ઓફિસમાં ડ્રેનેજ વિભાગમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હતો. 16મી ડિસેમ્બરે બપોરે 3 વાગ્યાના અરસામાં ધવલ ઘરેથી જમીને બાઇક લઈને નોકરીએ આવવા નીકળ્યો હતો. ત્યારે પાલનપુર પાટિયા શાકભાજી માર્કેટ પાસે બાઇકચાલક સાથે તેની બાઈકને અકસ્માત થયો હતો. જેમાં ધવલને ગંભીર ઇજા થઈ હતી. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે બપોરે તેનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે રાંદેર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાંગડપરલીધેલા રૂ.7લાખના દાગીનાપિતા-પુત્રએચાઉંકર્યા

ઘોડદોડ રોડના જ્વેલર્સે જૂના ગ્રાહક હોય વિશ્વાસ પર દાગીના આપ્યા હતા

સુરતઃ જૂના ઓળખાણ અને વિશ્વાસનો લાભ લઈ સોનાના દાગીના ઉધાર (જાંગડ)માં લઈ બાદમાં ન તો દાગીના પરત આપ્યા ન તો તેની રકમ ચૂકવાઈ. આ મામલે ઉમરા પોલીસે ફરિયાદના આધારે પિતા-પુત્ર સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ભટાર વિસ્તારમાં આવેલી શીતલપાર્ક સોસાયટીના સિદ્ધાર્થવીલા એપાર્ટમેન્ટમાં રહેતા ગીરીશભાઈ રમેશભાઈ શાહ (ઉં.વ.40) ઘોડદોડ રોડ પર એલ.બી. ટર્નિંગ નજીક આવેલા ટર્નિંગ પોઈન્ટ કોમ્પ્લેક્ષમાં "અમૃત ગોલ્ડ" નામે સોના-ચાંદીના દાગીનાનો વેપાર કરે છે. ગીરીશભાઈ સાથે થયેલી ઠગાઈમાં આરોપી તરીકે રિંગ રોડ પર રાધાકૃષ્ણા માર્કેટની દુકાન નં.3110 ધરાવતા કિશન અશોકભાઈ ભટ્ટાર અને તેના પિતા અશોકભાઈ ભટ્ટારનું નામ સામે આવ્યું છે. ફરિયાદ મુજબ, આરોપી અશોકભાઈ ભટ્ટાર ગીરીશભાઈના ઓળખીતા તેમજ જુના ગ્રાહક હતા. 30 જુલાઈ 2025ના રોજ અશોકભાઈ ભટ્ટારે ગીરીશભાઈને જણાવ્યું હતું કે "મારો છોકરો કિશન આવશે અને જે દાગીના માગે તે આપી દેશો." ગીરીશભાઈએ કિશન ભટ્ટારને માગ્યા મુજબ સોનાના દાગીના જાંગડ રૂપે આપ્યા હતા. આમાં 22 કેરેટની ત્રણ સોનાની ચેઇન (25.460 ગ્રામ, 14.390 ગ્રામ અને 11.400 ગ્રામ) તેમજ 22 કેરેટની ત્રણ સોનાની વિંટીઓ (4.590 ગ્રામ, 6.060 ગ્રામ અને 5.000 ગ્રામ) સહિત કુલ રૂ.7 લાખની કિંમતના દાગીના સામેલ હતા. નક્કી કરેલા સમય બાદ પણ આરોપીઓએ ન તો દાગીના પરત આપ્યા અને ન તો તેની કિંમત ચૂકવી. જે અંગે ગીરીશભાઈએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પિતા-પુત્ર સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

તુરંત પૈસા મોકલ, પૂજા અધૂરી રહેશે તો તારી પ્રેમિકા મરી જશે

એન્જિનિયરનું ભણેલો જહાંગીરપુરાનો યુવક ઓનલાઇન ઠગ જ્યોતિષિઓના ચક્રવ્યૂહમાં ફસાયો

પૂજાવિધિના બહાને અને બાદમાં મહાગુરુના માર્ગદર્શન માટે 60 હજાર ગુમાવ્યા

સુરત જહાંગીરપુરાના એક યુવાન એન્જિનિયરને ઈન્સ્ટાગ્રામ પર ભેટેલા ઠગ જ્યોતિષે પ્રેમિકાના મૃત્યુનો ભય ઊભો કરી અલગ અલગ પૂજા-વિધિના નામે કુલ રૂ.79 હજારથી વધુની રકમ પડાવી સાયબર ઠગાઈ આચરી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

જહાંગીરપુરા રણછોડ પાર્ક સોસાયટી પાછળ જી.એમ. વિલા રેસીડન્સીમાં રહેતા વિશાલકુમાર રમેશભાઈ પટેલ કોસંબા સ્થિત પી.પી. સવાણી યુનિવર્સિટી પાસે 'ગોલ્ડી સોલાર' કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરે છે. ગત 16 નવેમ્બર 2025ના રોજ રવિવાર હોવાથી રજાના દિવસે વિશાલકુમારે ઈન્સ્ટાગ્રામ ખોલતાં એસ્ટ્રોલોજી સંબંધિત એક જાહેરાત દેખાઈ હતી. જાહેરાત પર ક્લિક કરતાં મેસેજિંગ શરૂ થયું. વિશાલકુમારે પોતાની વ્યક્તિગત સમસ્યા અને ભૂતકાળની કેટલીક ઘટનાઓ જણાવતા જ્યોતિષે એક મોબાઇલ નંબર આપી વોટ્સએપ પર વાત કરવા કહ્યું અને સમસ્યાનું નિરાકરણ લાવવા પૂજા કરાવવાની વાત કરી QR કોડ મોકલ્યો. શરૂઆતમાં રૂ.400 ટ્રાન્સફર કરાવ્યા બાદ અલગ અલગ પૂજાના નામે રૂ.1,900, રૂ.6,200, રૂ.8,000 અને રૂ.9,070 એમ કુલ રૂ.25,570 પડાવ્યા હતા. આ દરમિયાન જો રૂપિયા નહીં મોકલો તો "પૂજા અધૂરી રહેશે અને તારી પ્રેમિકા મરી જશે" તેવી ધમકી આપીને સતત દબાણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ 'મહાગુરુ' સાથે વાત કરાવવાના બહાને વધુ રૂ.35,000 ટ્રાન્સફર કરાવ્યા હતા. આ રીતે પ્રથમ ઠગને કુલ રૂ.60,570 ચૂકવાયા હતા.

શંકા જતા વિશાલકુમારે બીજી એક એસ્ટ્રોલોજી જાહેરાત પર સંપર્ક કર્યો, જ્યાંથી ફરી QR કોડ દ્વારા રૂ.19,000 ટ્રાન્સફર કરાવાયા. અંતે વધુ રૂ.32,000ની માંગણી થતાં તેને ઠગાઈની શંકા પડી. પીડિતે તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન 1930 પર ફરિયાદ કરી અને બાદમાં જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઠગો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

શહેરમાં ચાલતી સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવમાં નિયમો તોડનાર

સુરતીઓના 6.26 કરોડ ખંખેર્યા

25 દિવસની ટ્રાફિક ડ્રાઈવમાં 66,681 વાહનચાલકને દંડ્યા, ઈ-ચલણ અને મેમો ફટકાર્યા

પોલીસે રેકોર્ડબ્રેક કામગીરી કરી પરંતુ ટ્રાફિકની સમસ્યાનું એકેય જગ્યાએ નિરાકરણ દેખાયું નહીં

રિક્ષા-ટેમ્પો-ટ્રેક્ટર-ટ્રકો બિનધાસ્ત નિયમભંગ કરતા ફરે છે

પોલીસ કહે છે, ઝુંબેશનો હેતુ દંડ વસૂલવાનો નથી, ને પાછા ઘરના દરવાજે નોટિસ પહોંચાડવાની ચીમકી આપે છે

પોલીસનું કહેવું છે કે, આ ઝુંબેશનો મુખ્ય હેતુ દંડ વસૂલવાનો નહીં પરંતુ ટ્રાફિક શિસ્ત અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવાનો છે. ટ્રાફિક વિભાગના એસીપી આર. એસ. ટંડેલે જણાવ્યું કે, હાલ રીજન-1 અને રીજન-3માં સૌથી વધુ ટ્રાફિક ભંગના કેસ સામે આવી રહ્યા છે અને ત્યાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. મહત્વનું એ છે કે આ ડ્રાઇવ અહીં અટકવાની નથી. જો હજુ પણ નિયમોનું પાલન નહીં કરવામાં આવે, તો દંડની નોટિસ ઘરના દરવાજે પહોંચતા સમય નહીં લાગે, તેવી ચેતવણી પોલીસે આપી છે.

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા 25 દિવસથી ચાલતી સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવમાં નિયમો તોડનાર વાહનચાલકો પાસેથી 6 કરોડથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે, જેને લઈને શહેરભરમાં ચર્ચા શરૂ થઈ છે.

સુરત શહેરમાં ટ્રાફિક શિસ્ત કડક બનાવવા માટે પોલીસ દ્વારા હાથ ધરાયેલી ખાસ ઝુંબેશે ચોંકાવનારા આંકડા સામે લાવ્યા છે. છેલ્લા 25 દિવસમાં અલગ-અલગ ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા કુલ 66,681 વાહનચાલકને ઈ-ચલણ અને મેમો ફટકારવામાં આવ્યા છે. આ દરમિયાન કુલ 6,26,61,500 રૂપિયાનો દંડ વસૂલાયો છે, જે અત્યાર સુધીના ટૂંકા ગાળાના રેકોર્ડ સમાન માનવામાં આવે છે. પોલીસના જણાવ્યા મુજબ, આ ડ્રાઈવમાં સૌથી વધુ કેસ ઓવરસ્પીડિંગના નોંધાયા છે. શહેરના મુખ્ય માર્ગો અને રાજમાર્ગો પર સ્પીડ ગન અને હાઈ-ટેક કેમેરાની મદદથી સતત નજર રાખવામાં આવી હતી, જેમાં 25,018 વાહનચાલક ઝડપથી વાહન ચલાવતા ઝડપાયા. વધતા અકસ્માતોને અટકાવવાના હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું પોલીસ કહે છે, જો કે દંડની ભારે રકમને લઈને વાહનચાલકોમાં અસંતોષ પણ જોવા મળી રહ્યો છે.

રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરનારા 4,303 વાહનચાલકને 1,500 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે સિગ્નલ તોડનારા 13,708 લોકો સામે 500 રૂપિયાનું ઈ-ચલણ જનરેટ કરી તેમના ઘરે મોકલવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે, એક જ દિવસમાં 2,622 કેસ નોંધી પોલીસની આ કાર્યવાહી રેકોર્ડબ્રેક સાબિત થઈ હતી. હેલ્મેટ વગર વાહન ચલાવતા 3,382 લોકોને પણ પોલીસે છોડ્યા નથી. આવા વાહનચાલકોને 500 રૂપિયા લેખે દંડ ફ